ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક
Agnipath (Weekly) Gandhinagar
Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૦૫ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૩૦-૦૧-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

## માણસા ખાતે ગાંધીનગર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરાઈ

સમગ્ર રાજ્યમાં ૬૫માં પ્રજાસત્તાક દિનની ગર્વભેર ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કક્ષાના ૬૫માં પ્રજાસત્તાક દિનની ભવ્યાતિભવ્ય ઉજવણી માણસાની એસ.ડી. આર્ટસ એન્ડ બી.આર. કોમર્સ કોલેજ ખાતે કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીના પ્રસંગે ઉપસ્થિત શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી પુરષોત્તમભાઈ સોલંકીએ રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે મંત્રીશ્રીના હસ્તે સ્વાતંત્ર્ય સેનાની શ્રી નાનજીભાઈ હીરાભાઈ મકવાણા અને વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન કે સિદ્ધિ હાંસલ કરનારાઓનું જિલ્લા વહીવટી તંત્ર તરફથી સન્માન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીના હસ્તે જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપને માણસા તાલુકાના વિકાસ કામો અર્થે રૂપિયા ૨૫ લાખનો ચેક પણ અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી પુરષોત્તમભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ૬૫માં પ્રજાસત્તાક દિનની ઉજવણી આજે સમગ્ર દેશમાં ઉત્સાહ અને ઉમંગથી કરવામાં આવી રહી છે. દેશની આઝાદી માટે ગુજરાતના સપૂતો મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન ભારતના ઈતિહાસમાં અમર રહેશે. આઝાદી પછી અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલનું યોગદાન યુગો સુધી પેઢીઓને પ્રેરણા આપતું રહે તેવી વિભાવના સાથે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સરોવર નર્મદા ડેમ સ્થળની નજીક સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટિના નિર્માણનો સંકલ્પ કર્યો છે.

આ પ્રસંગે પોલીસ, હથિયારધારી હોમગાર્ડ,



બિનહથિયાધારી હોમગાર્ડ, અશ્વદળ અને એન.સી.સી.ની ટીમ દ્વારા યોજાયેલ પરેડનું મંત્રી શ્રી પુરષોત્તમ સોલંકી, જિલલા કલેક્ટર શ્રી પી. સ્વરૂપ, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિવિધ શાળાના બાળકો દ્વારા રજુ થયેલા સાંસ્કૃતિક કાર્યક્રમનો પણ ઉપસ્થિત સર્વેએ મન ભરીને માણ્યો હતો. જિલ્લાની વિવિધ કચેરીઓ-વિભાગ દ્વારા વિકાસલક્ષી-યોજનાકીય સુંદર ટેબ્લોઝ પણ રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે માણસા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી જાગૃતિબેન પટેલ, તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન શ્રી માધવલાલ પટેલ, નગરપાલિકાના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ પટેલ સહિત જિલલા-તાલુકાના અધિકારીશ્રીઓ-કર્મચારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## માહિતી કમિશ્નર શ્રી વી. એસ. ગઢવીને ઋગ્વેદનાં ગુજરાતી ભાષ્યનો ત્રીજો ભાગ અર્પણ કરાયો

ગાંધીનગર

ગુજરાત માહિતી આયોગનાં કમિશ્નર શ્રી વી. એસ. ગઢવી(આઈએએસ) વૈદિક વિચારધારાનાં પ્રસંશક છે. ગત ૨૦મી જાન્યુઆરીનાં રોજ તેમના જન્મદિન નિમિત્તે સર્વોત્કર્ષ સેવા સંસ્થાનનાં મેનેજીંગ ટ્રસ્ટી તથા અગ્નિપથ સાપ્તાહિકનાં મંત્રી શ્રી અરવિંદભાઈ રાણાએ તેમને ઋગ્વેદનાં ગુજરાતી ભાષ્યનો ગ્રન્થ અર્પણ કર્યો હતો. ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા મોકલવામાં આવેલ આ ગ્રન્થ અર્પણ કર્યા બાદ શ્રી વી. એસ. ગઢવીએ કહ્યું હતુ કે આર્યસમાજે વિવિધ વિષયો સંબંધિત વૈદિક વ્યાખ્યાનમાળા શરૂ કરવી જોઈએ. જો આર્યસમાજ દ્વારા આવા કાર્યક્રમને ઉપાડી લેવામાં ન આવે તો ગાંધીનગરમાં અગ્નિપથ દ્વારા બુદ્ધિજીવી વર્ગને આમંત્રણ આપીને જાહેર સ્થળે વ્યાખ્યાનો યોજીને મહર્ષિ દયાનંદનાં વિચારો જનજન સુધી



પહોંચાડવાનું કાર્ય થવું જોઈએ.

અત્રે એ નોંધનીય છે કે જ્યારે શ્રી વી. એસ. ગઢવી ગુજરાત ખનિજ વિકાસ નિગમનાં મેનેજીંગ ડાયરેક્ટર તરીકે હતા ત્યારે તેમના સમયમાં જ મહર્ષિ દયાનંદનાં શિષ્ય પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનું ભવ્ય સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું હતું. તેમના વિશેષ પ્રયત્નોથી જ આ અદ્ભૂત સ્મારકની પ્રસંશનીય જાળવણી સંભવ બની હતી. વૈદિક મહાસભાનાં માંડવી સ્થિત સભ્યો દ્વારા છેલ્લા ત્રણેક વર્ષથી સ્મારક ખાતે નિયમિત સાપ્તાહિક યજ્ઞનો કાર્યક્રમ અવિતર ચાલી રહ્યો છે. આ યજ્ઞકાર્યનો પ્રારંભ કરવાની અનુમતિ પણ શ્રી વી. એસ. ગઢવી દ્વારા જ આપવામાં આવી હતી. આજે પણ સ્મારક ખાતે વૈદિક સાહિત્યનું વેચાણ થઈ રહ્યું છે. ચરોતર પ્રદેશ આર્યસમાજનાં મંત્રી શ્રી અશોકભાઈ પટેલ જ્યારે માંડવી સ્થિત આ સ્મારકની મુલાકાતે ગયા હતા ત્યારે તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા અને આર્યસમાજ દ્વારા હજારો પુસ્તકો પ્રચાર માટે નિઃશુલ્ક મોકલાવી હતી. આમ, શ્રી વી. એસ. ગઢવીનાં પ્રયત્નોથી મહર્ષિ દયાનંદનાં શિષ્ય એવા પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનું સ્મારક દર્શનીય અને જોનારને ખૂબ પ્રભાવિત કરી દે તેવું બન્યું છે.

### આચાર્ય અજયજી દર્શનાચાર્યની અધ્યક્ષતામાં માથેરાન ખાતે 'સરળ આધ્યાત્મિક જીવન વિકાસ શિબિરનું' આયોજન કરાયું

## સત્ય અને અસત્યનો વિવેક માત્ર વેદમાંથી જ મળે છે : આચાર્ય અજયજી

માથેરાન

માથેરાન ખાતે તાજેતરમાં જ આચાર્ય અજયજી દર્શનાચાર્યની અધ્યક્ષતામાં 'સરળ આધ્યાત્મિક જીવન વિકાસ શિબિર' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મુંબઈ, પૂના, નાસિક, કોલ્હાપુર, પીંપરી, અમદાવાદ તથા ભુજના લગભગ ૨૩૦ જેટલા





શિબિરાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. હોટલ અશોક ખાતે યોજાયેલી આ શિબિર ત્રણ દિવસની રાખવામાં આવી હતી.

આચાર્ય અજયજીએ મનુષ્ય પોતાના જીવનમાં પૂર્ણ રીતે સફળ કેવી રીતે થઈ શકે એ વિષય પર પ્રકાશ પાડતા કહ્યું હતું કે, એ જ વ્યક્તિ જીવનમાં સફળ છે જે સુખને પ્રાપ્ત કરે છે અને દુઃખોને દુર કરી પોતાનું લક્ષ્ય હાસલ કરવું એટલે કે ઈશ્વરને પ્રાપ્ત કરે છે. સફળતા માટે મનુષ્યએ પોતનાની કે બીજા એના જેવા મનુષ્યની બુદ્ધિ નહી કિન્તુ ત્રીજી બુદ્ધિવાળાની વાત માનવી જોઈએ એટલે કે ઋષિઓની. ઋષિઓની વાત માનવાથી જીવનમાં સફળતા મળે છે. જીવનમાં સફળતા માટે જીવનનો સદ્ઉપયોયોગ કરવો અને તે પણ લાંબા સમય માટે નિરંતર, શ્રદ્ધાપૂર્વક અને તપથી કરવો. શરીરથી, વાણીથી અને મનથી તપ કરવું એ જીવનની સફળતાનું સાધન છે. બીજું સાધન સત્ય-અસત્યનો વિવેક. સત્ય-અસત્યનો વિવેક એટલે ધર્મ. સત્યથી જીવનમાં પ્રગતિ થાય છે વિવેકના અભાવને કારણે જીવનમાં પ્રગતિ થઈ શકતી નથી. જેમ કે કોઈ વ્યક્તિ ડૉક્ટર બન્યો છે. એમની પાસે ડૉક્ટરનું જ્ઞાન છે પણ વિવેક નથી તો તે વ્યક્તિ જીવનમાં સફળ થઈ શકતી નથી. સત્ય અને અસત્યનો વિવેક માત્ર અને માત્ર વેદમાંથી જ મળે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જે મનુષ્ય ધર્મના દસ લક્ષણો પોતાના જીવનમાં ધારણ કરે છે તે જ મનુષ્ય સફળ થાય છે. ધર્મના દસ લક્ષણ જણાવતાં તેમણે કહ્યું હતું કે, ધૈર્ય, સહનશીલતા, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઈન્દ્રિય નિગ્રહ, ઘી વિદ્યા સત્ય આ ધર્મના લક્ષણો છે.

આચાર્યજીએ આદર્શ પરિવાર વિશે સમજાવતાં કહ્યું હતું કે, 'આ' એટલે ચારે બાજુ જોવું અને 'દર્શ' એટલે કે જોવું આપણે ચારે બાજુ જોઈને પોતાના અહમને છોડી બીજાને દુઃખ ન થાય તેવો વ્યવહાર કરવો જોઈએ અને આને જ આદર્શ વ્યવહાર કહેવાય છે. પરિવાર એટલે બધાના વિચારોમાં સમાનતા હોય.પરિવારમાં માતા-પિતાના વ્યવહારથી બાળકોના વિચારોમાં સમાનતા આવે છે. પરિવાર હંમેશા ત્રણ સ્તંભો પર ઉભો રહી શકે છે. માતા-પિતા અને સંતાનો. આ ત્રણેયના વિચારની સમાનતાથી જ આત્મીયતા બંધાય છે. વિચારોની સમાનતા સત્સંગ અને સ્વાધ્યાયથી આવે છે. પરિવારના સભ્યો કંઈક આપવાની ભાવના રાખે લેવાની નહીં તો અંદરથી શાંતી, સુખ અને આનંદની અનુભૂતી થશે.

આચાર્યજીએ પંચમહા યજ્ઞ સંબંધે જણાવ્યું હતું કે, ગૃહસ્થીએ પંચમહા યજ્ઞ દરરોજ કરવો જોઈએ બ્રહ્મયજ્ઞ, પિતૃયજ્ઞ, બલિવૈશ્વદેવ યજ્ઞ, અને અતિથી યજ્ઞ. આમાંના ચાર યજ્ઞ તો દરરોજ થઈ શકે તેવા છે. માત્ર અતિથી યજ્ઞ દરરોજ કરવો શક્ય નથી. આન માટે ગૃહસ્થીએ વેદોના વિદ્વાનને ઘરે બોલાવીને તેમની પાસથી ઉપદેશ લેવો જઈએ અને જીવનમાં કંઈ પણ તકલીફ હોય તો એમને બતાવવી જોઈએ.

આચાર્યજીએ અષ્ટાંગ યોગ બાબતે સચોટ સમજણ આપતા જણાવ્યું હતું કે, યમ-નિયમને પોતાના વ્યવહારમાં ઉતારવા જોઈએ. ત્યારબાદ તેમણે આસનની સિદ્ધિ પ્રાપ્ત કરવાની રીત બતાવી હતી અને પ્રાણાયામનીસાથે પ્રત્યાહારનું આચરણ કરી ઈન્દ્રિયોને



વિષયોથી રોકી સરળ-સચોટ શૈલીમાં ધ્યાન કરાવ્યું હતું. ધ્યાનની વિધિ સમજાવતા આચાર્યજીએ જણાવ્યું હતું કે, સવાર-સાંજ બંને સમયે ઈશ્વરનું ધ્યાન કરવું જોઈએ. ધ્યાન કરતી વખતે શરીરને શુદ્ધ અને સ્થિર રાખવું જોઈએ. મનને શાંત રાખી વિચારોને રોકી ઈશ્વરમાં સ્થિર કરવું જોઈએ. તેમજ આત્મામાં જે ભૌતિક ઈચ્છાઓ છે તે રોકીને ઈશ્વરમાં લગાવવી જોઈએ અને પ્રાણાયામની સાથે સાથે ડૂબકી લગાવતા રહેવું જોઈએ. ઈશ્વરનું ધ્યાન મંત્ર, અર્થ, ભાવના અને સંબોધન સાથે કરવું એટલે જ પ્રવચન સાંભળવાથી સ્વાધ્યાય અને ધ્યન કરવાજી જીવનનું ઉત્થાન થાય છે.

આચાર્યજીએ શિબિરના અંતિમ દિવસે અંતિમ સત્રમાં શિબિરાર્થીઓની અનેક શંકાઓનું ખૂબ જ સરળ શૈલીમાં, તર્ક-બદ્ધ રીતે અને પ્રમાણો સહિત સમધાન કર્યું હતું. ત્યારબાદ શિબિરાર્થીઓએ શું જ્ઞાન મેળવ્યું ? શિબિરનો અનુભવ કેવો રહ્યો એના વિશે પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

આ શિબિર દર વર્ષે યોજવામાં આવે છે અને તેમાં ઘણી મોટી સંખ્યામાં લોકો ઉત્સાહભેર ભાગ લે છે. આ વર્ષે પણ સૌના સાથ અને સહકારથી નૈસર્ગિક વાતાવરણમાં આ શિબિરનું સમાપન થયું હતું એમ શ્રી પરેશ પ્રેમજીયાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### જાહેર આમંત્રણ

### ૫૧ કુંડી યજ્ઞ

**વૈદિક મહાસભા તથા ખાગેશ્રીના આર્યજનો દ્વારા શ્રી નાથાલાલ અધેરાના ફાર્મ હાઉસ ખાતે ૫૧ કુંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.**

: કાર્યક્રમની તારીખ :

૨૩/૦૨/૨૦૧૪

: સમય :

સવારે : ૮:૦૦ થી ૧૧:૩૦

**સર્વે વૈદિક ધર્મી પરિવારોને આ કાર્યક્રમમાં ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે.**



ઘેર બેઠા ગુરૂકુલમાં લટાર મારો...

www.santodhavramvedicgurukul.com

**અધર્મપ્રભવં ચૈવ દુ:ખયોગં શરીરિણામ્ ।**
**ધર્માર્થપ્રભવં ચૈવ સુખસંયોગમમક્ષયમ્ ॥**

मनुस्मृति ६४(४२)

**એ નિશ્ચિત છે કે પ્રાણીઓને સર્વે પ્રકારના દુ:ખો અધર્મથી જ મળે છે અને અક્ષય સુખ, મોક્ષની અવધિ સુધી રહેનાર સુખોની પ્રાપ્તિ કેવળ ધર્મથી જ થાય છે. આ વાત પર વિચાર કરો અને તે મુજબ ધર્માચરણ કરો.**

**તંત્રી સ્થાનેથી....**

## સ્વિસ બેંકોમાં પડેલા કાળા નાણાંને રાષ્ટ્રીય સંપત્તિ ઘોષિત કરો

સ્વિસ બેંકો સહિત અન્ય રાષ્ટ્રોમાં પડેલા કાળા નાણાંની દેશભરમાં ચર્ચા ચાલી રહી છે. લાખો કરોડોનું આ કાળુ નાણું જો રાષ્ટ્રીય સંપત્તિ ઘોષિત કરી દેવામાં આવે તો ભારત વિશ્વનો સૌથી ધનવાન દેશ બની જાય ! આટલું બધું કાળુ નાણું માત્ર ૬૫ વર્ષમાં કેવી રીતે સંભવ છે ? આ પ્રશ્નનો સીધો જવાબ છે કે ગરીબ, અનાથ, અસહાય લોકોને પહોંચાડવાની સહાય, રસ્તાનાં કામો, સ્વાસ્થ્ય સંબંધિત સુવિધાઓ પ્રજાને ઉપલબ્ધ કરાવવાનાં કામો, શિક્ષણ સંબંધિત યોજનાનાં કામો વગેરે જેવા અનેક કાર્યો પાછળ ફાળવવામાં આવતી રકમ ભ્રષ્ટાચારનાં માધ્યમથી પ્રાપ્ત કરી રાજનેતાઓ અને કેટલાક ઉચ્ચ અધિકારીઓએ સ્વિસ બેંકોમાં તેને જમા કરાવી રાખી છે. મોટા ઉદ્યોગગૃહો દ્વારા પણ ટેક્ષ ચોરી કરીને કે અન્ય પ્રકારની ચોરીનાં માધ્યમથી એકત્રિત કરવામાં આવેલ કાળા નાણાંને સ્વિસ બેંકોમાં જમા કરાવવામાં આવ્યા છે.

દેશનાં હજારો ભ્રષ્ટ વ્યક્તિઓનાં કાળા નાણાંની માહિતી મેળવવા તથા આ ધન રાષ્ટ્રીય ધન ઘોષિત કરવા બાબા રામદેવજી છેલ્લા ઘણા સમયથી સતત પ્રયત્ન કરી રહ્યાં છે. તેમણે વડાપ્રધાન શ્રી મનમોહનસિંહ સહિત શ્રી લાલકૃષ્ણ અડવાણી જેવા અનેક શિર્ષસ્થ નેતાઓને મળી કાળું નાણું પરત લાવવા અનુરોધ કર્યો છે. સ્વામી રામદેવજી દ્વારા આ બાબતે ભારત સ્વાભિમાનનાં માધ્મયથી દેશભરમાં જાગૃતિ લાવવાનાં કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. સ્વામીજીનો આ પ્રયત્ન ખરેખર પ્રશંસનીય છે.

ભારતનો ગરીબી રેખા નીચે જીવતો સામાન્ય માણસ પણ જ્યારે બજારમાંથી કોઈ વસ્તુ ખરીદે છે કે પબ્લીક ટ્રાન્સપોર્ટના માધ્યમથી યાત્રા કરે છે ત્યારે તે સરકારને ટેક્ષ ચૂકવે છે. બે ટંકનું ભોજન માંડ પ્રાપ્ત કરનાર વ્યક્તિ પણ જ્યારે કરદાતા હોય ત્યારે આવા ગરીબોનાં રૂપિયાનો સત્તાધિકારીઓ બેફામ ખર્ચા કરીને, ભ્રષ્ટાચાર કરીને દૂરૂપયોગ કરે તે તદ્દન ગેરવ્યાજબી છે. પ્રજાએ જાગૃત થઈ આ બાબતે બાબા રામદેવને સાથ આપવાની જરૂર છે. આશા રાખીએ કે પ્રજા ભારત સ્વાભિમાન જેવા આંદોલનને સમર્થન આપે અને દેશમાં એક નવી ક્રાંતિના માધ્યમથી સુશાસનની સ્થાપના થાય.

## ઘરગથ્થુ ઔષધ : મધ

ઉપયોગ : અનુપાનરૂપે, તરસ, મોઢામાં શોષ અને મેદ ઓછો કરવામાં.

જુની કબજિયાતવાલાએ મધ ૦ાા તોલો. તાજું ઘી ૧ તોલો મેળવી સવાર-સાંજ ચાટવું આથી પેટમાંની મળની ગાંઠો છૂટી પડી જાય છે.

દમવાળો દર્દી રોટલી પર મધ ચોપડીને ખાવાનો નિયમ રાખે તો કફ પાકી પાતળો થઈ નીકળી જાય છે અને છાતી ખુલે છે.

મેદ ઘટાડવા કે જાડું શરીર પાતળું કરવા રોજ સવારના ગરમ કરી ઠંડા પાડેલા પાણીમાં તો. ૪માં મધ તો. ૨ પાણી નાખી પીવું.

**મધ વાસી પાણી વિષે મિશ્ર કરીને પાય.**
**ત્રણે ઋતુમાં સેવતાં ફોક મેદનો જાય.**

આદુનો રસ ૧ તો. મધ ૦ાા તોલો મેળવી કરેલું ચાટણ થોડે થોડે ઉપરાઉપરી ચાટવું, તેથી મોની ચીકાશ, દમ શ્વાસ, હેડકી મટે છે.

મધમાં ડુંગળીનો કરી રાખેલો આથો ૧-૨ તો સવારમાં ખાવાથી વૃદ્ધિ પામે છે.

લાંબા સમયથી ન રૂઝાતાં જખમ પર મધની પટ્ટી મારવાથી અથવા લીમડાના પાન અને તલ બરાબર ઝીણાં લસોટી મધ નાખી જાડું ચોપડવાથી ઘારાં જખમ રૂઝાઈ જાય છે.

આંખ આવી હોય, ઝાંખ વળતી હોય, ખીલ ન મટતાં હોય ત્યારે જરાક મીઠું મેળવેલ પાણીથી આંખો ધોઈ પછી મધ આંજવું.

ગળામાં ચોરીઆં ફૂલ્યાં હોય કે મ્હોં આવી ગયું હોય કે ગળું બેસી ગયું હોય ત્યારે સળી ઉપર રૂ વીટીં મધમાં બોળી લગાડવું અથવા માયું કે ટેનિક એસિડ મેળવેલાં મધમાં બોળી લગાડવું.

મ્હોંમાં ફોડલા થાય કે વારંવાર આવી જોય તો મધ વારંવાર ચોપડવું અથવા મ્હોમાં મધનો કોગળો થોડીવાર રાખવાથી જલદી સારૂં થાય છે.

મધ એવું છે કે જે વસ્તુના અનુપાન તરીકે યોજાય તેમાં તેવો ગુણ કરે છે.

નોંધ - મધ ગરમ કરીને લેવું નહીં, ઉનાં પદાર્થો સાથે લેવું નહીં, તડકા કે અગ્નિથી તપેલા માણસે લેવું નહીં. ઉષ્ણકાળમાં યે લેવું નહિં. ઘીની સમાન માત્રામાં લેવું નહિં.

# કર્મકાંડ વિધિપૂર્વક કરવાથી જ જ્ઞાનકાંડમાં સફળતા મળે છે

**વેદવાણી**

**(૨)-સ્વામી વેદાનંદ**

જે ઉંચા સંસ્કારોથી સંપન્ન છે તેના વિષયમાં મંત્રબ્રાહ્મણ કહે છે, **'एतद्ध स्म वै तत्पूर्वे ब्राह्मणा अनूचाना: विद्धांस: प्रजां न कामयन्ते किं प्रजया करिष्यामो येषां नोऽयमात्माऽयं लोक: इति ते ह स्म पुत्रैषणायाश्च वित्तैषणायाश्च लोकैषणायाश्च व्युत्थाय भिक्षाचर्यं चरन्ति इति ।'**

અર્થ:- આ કારણે નિશ્ચિત છે કે સર્વોત્તમ બ્રાહ્મણ વિદ્વાનપુરુષ સંતાનો નથી ઈચ્છતા. 'સંતાન દ્વારા શું કરીશું?' એવુંવિચારે છે. સંતાન પ્રાપ્તવ્ય પરમાત્માનું તથા બ્રહ્મલોકનું કોઈ કારણ=સાધન નથી. આથી તેઓની પ્રીતિ સંતાનમાં અને આ લોકમાં હોતી નથી. તેઓ પુત્રૈષણા, વિત્તૈષણા તથા લોકૈષણાથી પર થઈ ભિક્ષાચરણ કરે છે. જેની પ્રીતિ જે વિષયમાં હોય તેની પ્રાપ્તિ માટે તે કર્મ કરે છે. પુત્ર, ધન, પશુ આદિમાં જેની પ્રીતિ છે તે ગૃહસ્થાશ્રમમાં જાય, અન્ય વ્યક્તિ ન જાય.જે વ્યક્તિ ગૃહસ્થાશ્રમમાં જાય છે તેને જ કર્મનો અધિકાર છે, થોડી યોગ્યતાવાળા અને વધુ યોગ્યતાવાળાનો નથી. જેના માટે જે વિષયનોનું કથન શાસ્ત્રમાં છે તેનું નામ અધિકાર છે.

કર્મકાંડમાં જે 'કર્મ' શબ્દ છે તે પારિભાષિક છે. તેનો અર્થ વેદવિહિત કર્મકાંડ સાથે છે, નહીં કે ખાવા-પીવા જેવા સામાન્ય કર્મ સાથે. આ કર્મકાંડને કરવા-કરાવવાનો અધિકાર કેવળ ગૃહસ્થી અને વાનપ્રસ્થીનો છે, બ્રહ્મચારી તથા સન્યાસીનો નહિ. બ્રહ્મચારીમાં યોગ્યતા નથી તથા સન્યાસીની યોગ્યતા અત્યન્ત ઉંચી હોવાના કારણે તેઓને કર્મકાંડની આવશ્યકતા નથી. બ્રહ્મચારીની યોગ્યતા જ્યારે બની જાય છે ત્યારે યથાવિધિ સ્નાતક થઈ ગુરુની સંમતિથી ગૃહસ્થાશ્રમમાં પ્રવિષ્ટ થઈ કર્મકાંડનો અધિકારી બને છે. મંત્રબ્રાહ્મણ કહે છે 'जायमानो ह वै ब्राह्मणस्त्रिभिर्ऋणवान् जायते, ब्रह्मचर्येण ऋषिभ्यो, यजेन देवेभ्य: प्रजया पितृभ्य: इति 'J અર્થાત્ જ્યારે પુરુષ ગૃહસ્થ બની જાય છે ત્યારે તેને કર્મકાંડ કરવા-કરાવવાનો અધિકાર મળે છે.ગૃહસ્થમાં પ્રવિષ્ટ કરનાર વ્યક્તિ ઋષિઋણ, દેવઋણ તથા પિતૃઋણ નામના ત્રણ ઋણોથી ઋણી બની જાય છે, ब्रह्मचर्येण=અધ્યયન-અધ્યાપનથી ઋષિઋણ, યજ્ઞથી દેવઋણ તથા સન્તત્યુત્પાદન દ્વારા પિતૃઋણથી નિવૃત્ત થાય છે. ગૃહસ્થનો કર્મકાંડમાં આ અધિકાર ક્યાં સુધી રહે છે? બ્રાહ્મણ કહે છે, जरामर्यं वा एतत्सत्रं यदग्निहोत्रं दर्शपूर्णमासैाचेति जरया ह एष तस्मात्सत्राद् विमुच्यते मृत्युना ह वा इति, અર્થાત્ અગ્નિહોત્ર, દર્શેષ્ટિ, પૂર્ણમાસેષ્ટિ આદિ સત્રોને=યજ્ઞોને જરા(વૃદ્ધાવસ્થા-સન્યાસાશ્રમ) સુધી=આયુના ચોથા ભાગ(પડાવ) સુધી અથવા મૃત્યુ પર્યન્ત કરવા જોઈએ. જરાનો સંબંધ અહીં સન્યાસાશ્રમ સાથે છે કારણ કે આયુના ત્રીજા ભાગમાં જયારે શરીર માટે આ અવસ્થા બાધિત થાય છે, ત્યારે વિધિવત્ સન્યાસ લેવાનો સમય છે. આથી જરાનો અર્થ સન્યાસ છે. અહીં કર્મકાંડનો અધિકાર સમાપ્ત થાય છે તથા બ્રહ્મજ્ઞાનનો અધિકાર પ્રારંભ થાય છે.

ગૃહસ્થાશ્રમ કર્મકાંડ પ્રધાન હોવાના કારણે બ્રહ્મજ્ઞાન ગૌણ=અપ્રધાન રહે છે. સન્યાસાશ્રમમાં કર્મ ગૌણ થતા બ્રહ્મજ્ઞાનની પ્રગટતા-પ્રધાનતા થાય છે. બ્રહ્મચર્યપૂર્વક જ ગૃહસ્થાશ્રમમાં પ્રવિષ્ટ થવું જોઈએ, તે જ રીતે બ્રહ્મચર્યપૂર્વક જ સન્યાસાશ્રમમાં પ્રવિષ્ટ થવું જોઈએ.આથી જ ગૃહાસ્થાશ્રમ તથા સન્યાસાશ્રમની વચ્ચે વાનપ્રસ્થાશ્રમનું વિધાન કર્યુ છે. ઘણા અંશે બ્રહ્મચર્યાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમમાં સમાનતા છે. ગૃહસ્થના આડંબર તથા બાહ્યક્રિયાકલાપોની સમાપ્તિ સન્યાસાશ્રમમાં થઈ જાય છે. મંત્રબ્રાહ્મણનું વચન છે, **'प्राजापत्यामिष्टिंनिरुप्य तस्यां सर्ववेदसं हुत्वा आत्मन्यग्नीन् समारोप्य ब्राह्मण: प्रव्रजेत्'**,અર્થાત્ પ્રાજાપત્ય નામક ઈષ્ટિ=યાગ કરી, તેમાં પોતાનું સર્વકંઈ ભૌતિક સંપત્તિ છોડી=ત્યાગી અગ્નિઓને પોતાના આત્મામાં આરોપિત કરી બ્રાહ્મણ સન્યાસની દીક્ષા લે છે. હવે તેના જીવનમાં અગ્નિને પ્રજ્વલિત કરવાની આવશ્યકતા નથી.

વેદવાણીનો ઉપયોગ પહેલા બ્રહ્મચર્યાશ્રમમાં થાય છે. પછીથી ગૃહસ્થ સંબંધી વિદ્યાઓની જાણકારી માટે ગૃહસ્થ ધર્મોનું વર્ણન જે મંત્રોમાં વર્ણિત છે તેને બતાવે છે. ત્રીજી વાર સર્વસંગપરિત્યાગી સન્યાસીને તેના ધર્મનો=સન્યાસધર્મનો ઉપદેશ આપે છે. આ જે જ્ઞાનના ત્રણ સ્તર છે તે ઉત્તરોત્તર બલીય=બળવાન તથા શ્રેષ્ઠ છે.

સ્વામી દયાનંદ સરસ્વતીજી યજુર્વેદના આ મંત્રના ભાષ્યમાં લખે છે- 'જે ક્રિયામાં કુશળ ધાર્મિક પરોપકારી મનુષ્ય છે તે જ ઈશ્વર અને ધર્મને જાણી મોક્ષ અને સમ્યક્ ક્રિયાસાધનોથી આ લોક અને પરલોકના સુખને પ્રાપ્ત કરે છે.'

કર્મકાંડમાં કુશળતા પ્રાપ્ત કર્યા વિના જ્ઞાનકાંડમાં ગતિ થઈ શકતી નથી. કર્મકાંડ વિધિપૂર્વક કરવાથી જ જ્ઞાનકાંડમાં સફળતા મળે છે. માનવ સદા સ્થૂળતાથી સૂક્ષ્મતા તરફ ગતિ કરે છે. આ બુદ્ધિ તેને સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાત્મ-તત્વ સુધી પહોંચાડે છે. બધા કર્મ, બધા તપ, સમસ્ત યોગમાર્ગનું આ જ એકમાત્ર પ્રયોજન છે. સર્વ વેદવાણી તે તત્વનું અવધારણ=નિશ્ચિતતા માટે ઉપદિષ્ટ છે. અન્ય બધા લક્ષ્ય, અન્ય બધા લાભ અહીં ગૌણ છે=અપ્રધાન છે.

**માનવ સદા સ્થૂળતાથી સૂક્ષ્મતા તરફ ગતિ કરે છે. આ બુદ્ધિ તેને સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાત્મા-તત્વ સુધી પહોંચાડે છે.**

બ્રહ્મચારીથી લઈ સન્યાસી સુધી બધા જન વેદવાણીને પરમપ્રમાણ માને છે. પરંતુ તેના અર્થની પ્રગટતા અને ગંભીરતા તેમજ સમગ્રત્વ જેટલું સન્યાસી જાણી-સમજી-કરી શકે છે,તેટલું વાનપ્રસ્થી સમજી-કરી નથી શકતો અને જેટલું વાનપ્રસ્થી સમજી-કરી શકે છે તેટલું ગૃહસ્થ જાણી-સમજી-કરી નથી શકતો. આ વિષયમાં ગૃહસ્થથી પણ કમજોર સ્થિતિ બ્રહ્મચારીની છે (અહીં આ વાત ક્રમમુક્તિની દૃષ્ટિએ કરવામાં આવે છે. સદ્યોમુક્તિમાં જયાં બ્રહ્મચર્યથી સન્યાસધર્મ ગ્રહણ કરવાની વાત છે ત્યાં બ્રહ્મચારીની યોગ્યતા ગૃહસ્થથી વિશેષ છે) અર્થાત્ વેદવાણી દ્વારા પરમેશ્વર વિષયમાં જે જાણકારી બ્રહ્મચારીને મળે છે તેનાથી અધિક જાણકારી કર્મકાંડાનુષ્ઠાનથી ગૃહસ્થને મળે છે અને તેનાથી પણ વધુ જાણકારી જ્ઞાનકાંડથી સન્યાસીને પ્રાપ્ત થાય છે. આથી આ માર્ગને એ રીતે સમજવો જોઈએ - શ્રવણ (બ્રહ્મચર્ય), મનન (ગૃહસ્થ), નિદિધ્યાસન (વાનપ્રસ્થ, સન્યાસ) અંતિમ અવસ્થા સાક્ષાત્કારની છે, તે તુરીયાશ્રમ સન્યાસથી થાય છે. વેદનું આંતરિક રહસ્ય=પરમેશ્વરને નિશ્ચય કરવાનું સન્યાસીઓનું પરમકર્તવ્ય છે એવું મુંડકોપનિષદ્ કહે છે. જેમકે-'वेदान्तविज्ञनसु निश्चतार्था: सन्यासयोगाद् यतय:शुद्धसत्त्वा:।' બધા વેદાન્તવાક્ય જે અર્થતત્ત્વને બતાવે છે તે અર્થતત્ત્વને શુદ્ધ અંતકરણવાળા યતિલોક સન્યાસધર્મના યોગથી= સન્યાસધર્મને ધારણ કરતા સુનિશ્ચત કરે છે. આનાથી તેઓને બ્રહ્મલોક પ્રાપ્ત કરે છે. આથી બ્રહ્મચારીથી લઈ સન્યાસી સુધીના આશ્રમોનું મુખ્ય કર્તવ્ય છે કે તેઓ સર્વથા સ્વાધ્યાયમાં પ્રવૃત રહે. શાસ્ત્રોમાં સન્યાસીઓ માટે વિશેષ આજ્ઞા છે કે - सर्व कर्माणि संन्यसेत् वेदमेकं न संन्यसेत् ॥ સન્યાસી ભલે સર્વ કર્મકાંડપ્રોક્ત યજ્ઞકર્મોને છોડી દે પરંતુ સ્વાધ્યયયજ્ઞને, બ્રહ્મયજ્ઞને કદી નહિ.

આ રીતે સર્વવ્યાપક પરમાત્માના વ્યાપક યજ્ઞકર્મોને જોઈ વિવેકી બને તથા સામર્થ્યાનુસાર=યથાશક્તિ તેનું આચરણ કરીને અત્યન્ત દુ:ખનિવૃત્તિરુપ મોક્ષનું સંપાદન કરે, આમાં જ એની કૃતાર્થતા છે.

(સંપૂર્ણ)

# સ્વદ્રષ્ટા અને સર્વ દ્રષ્ટામાં પ્રતિષ્ઠિત થઈ જવાનું નામ યોગ છે : સ્વામી વિવેકાનંદજી


જીવમાત્રની પ્રવૃત્તિ દુ:ખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ અર્થે હોય છે. પ્રત્યેક વ્યક્તિ ઈચ્છે છે કે પોતાને સુખ મળે અને દુ:ખથી પીડિત કદી ન બને. પોતાનું મન તેમજ શરીર સ્વસ્થ, પ્રસન્ન, તાજગીસભર, સ્થિર અને આનંદપ્રદાતા બન્યુ રહે. આ સર્વેની પ્રાપ્તિ યોગ તરફ વળવામાં જ છે.

કયો મનુષ્ય છે જે 'યોગ' નામથી આકર્ષિત નથી ? આજે સાત-આઠ વર્ષનો નાનો બાળક પણ યોગ નામથી પરિચિત છે. મજૂરીકામ કરતો ગરીબ વ્યક્તિ પણ યોગ નામથી અજાણ નથી. આ નામથી બધા પ્રભાવિત છે કારણ કે તેનાથી અનેક લાભોની પ્રાપ્તિ થાય છે. કોઈ વ્યક્તિ સર્વાગાસન, મયુરાસન, શિર્ષાસન, હલાસન, પશ્ચિમોતાસન કરી લે અને કહે કે હું તો રોજ 'યોગ' કરું છું, તો આ વાત તદ્દન મિથ્યા છે. આસન કરવા યોગ નથી. આ આસનો વ્યાયામાસનની કોટિમાં આવે છે. આનાથી અનેક શારીરિક તેમજ માનસિક લાભ મળે છે. આસનો ચોક્કસ કરવા જોઈએ, પરંતુ આને યોગ કહેવો મોટી ભ્રાન્તિ છે. કોઈ વ્યક્તિ એક સ્થાને મોટો ખાડો ખોદી સાત-આઠ દિવસ માટે તેમાં પૂરાઈ રહે અને કહે કે હું તો યોગી છું, તો આ બિલકુલ ગલત માન્યતા છે. આ તો યોગના નામે ધૂર્તતા ફેલાવી યશ અને નાણા કમાવાનો કીમિયો છે. કોઈ વ્યક્તિ ચારે બાજુ અગ્નિ પ્રગટ કરી ધ્યાન કરે એટલે તે યોગી બની જતો નથી. એક પગે કેટલાય દિવસ સુધી ઉભા રહેવું યોગ નથી. પાણી પર સૂઈ જવાને યોગ ન કહેવાય. પોતે આકાશમાં ઉડવાની વિદ્યા જાણે છે એમ કોઈ કહી દે એટલે તે યોગી છે તેમ કહી ન શકાય. એક પ્રકારની વિશેષ શ્વાસોશ્વાસની ટેકનિક અપનાવી કેટલાક પ્રકારના રોગો દૂર કરવાનું નામ યોગ નથી. કંઈ ન કરવું, શૂન્યમનસ્ક બેસી રહેવું યોગ નથી. શરીરની કોઈ એક નાડી દબાવી બેહોશ કરી દેવાનું નામ યોગ નથી. કેફી દ્રવ્ય લઈ નશામાં ચકચૂર બની જવું યોગ નથી. આવા પ્રકારના ઉપાયો કરવાથી કોઈપણ વ્યક્તિ કયારેય પણ દુ:ખની છૂટી જતો નથી અને કોઈપણ પ્રકારના સુખથી સંલગ્ન થતો નથી. યોગના નામે અનેક પાખંડો ફેલાવવા મહાપાપ છે, તેનું પરિણામ અંતે દુ:ખ જ છે.

મનની સ્થિર અને ઉત્તમ અવસ્થાનું નામ યોગ છે. મનને પૂર્ણત: અધિકારમાં લઈ ઈશ્વર તરફ પ્રેરિત કરવાનું નામ યોગ છે. યોગ એ વિદ્યા છે જેનાથી મનુષ્ય આલોક અને પરલોકની સિદ્ધિ કરી લે છે. યોગના સાધન દ્વારા મનુષ્ય યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ કરી લે છે અને અત્યન્ત દુ:ખોથી મુકત થઈ જાય છે. કેવળ શારીરિક કે માનસિક લાભો પ્રાપ્ત કરવા યોગનો હેતુ નથી. યોગ તો જન્મોજન્માંતરના દુ:ખોથી છૂટવાનો અને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી આપવાની ગેરંટી આપે છે. મહર્ષિ વેદવ્યાસજી 'યોગ એટલે સમાધિ' એમ કહે છે. મનની પાંચ અવસ્થા છે - ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુઢ. મનનું અતિચંચળપણું હોવું ક્ષિપ્ત અવસ્થા છે જેમાં રજોગુણની પ્રધાનતા હોય છે. આ સમાધિ નથી. મૂઢાવસ્થા તમોપ્રધાન હોવાના કારણે તે સમાધિ=યોગ નથી. સતત એકાગ્રતા ન બનવાને કારણે વિક્ષિપ્ત અવસ્થા પણ યોગ નથી. યોગ તો એકાગ્ર અને નિરુદ્ધ અવસ્થામાં હોય છે અર્થાત આને સમાધિ કહી શકાય. યોગની નિરુદ્ધ અવસ્થામાં જ પરમાત્માની અનુભૂતિનો પ્રારંભ થઈ જાય છે. દર્શનની ભાષામાં આને અસંપ્રજ્ઞાત સમાધિ કહેવાય. સંપ્રજ્ઞાત સમાધિ એકાગ્ર અવસ્થામાં બને છે જેમાં સાધકને પોતાનો તેમજ પ્રકૃતિના તત્વોનો સાક્ષાત્કાર થઈ જાય છે.

પ્રકૃતિનો સ્વભાવ છે સતત પરિવર્તિત થયા કરવું. પ્રકૃતિથી બનેલ મનનો પણ આ જ સ્વભાવ છે. મનના સહજ સ્વભાવને કદી બાંધી કે રોકી ન શકાય. યોગદર્શનકાર કાર્યની દૃષ્ટિએ મનનું બીજું નામ ચિત્ત કહે છે. સંકલ્પ-વિકલ્પ કરવાના કામને મન કહેવાય. આ મુજબ કરું કે ન કરું તે મનનું કામ છે. કોઈ વસ્તુનું ચિંતન કરવું, સ્મરણ કરવું અથવા તો સ્મૃતિઓ ઉઠાવવાનું કામ ચિત્તનું છે. આમ કામના વિભાજનની દૃષ્ટિએ મનને ચિત્ત કહેલ છે. ચિત્તની વૃત્તિઓને રોકવી, તેના વ્યાપાર પર અવરોધ ઉભો કરવો અર્થાત પરમાત્મા તરફ વાળવો યોગ છે.

મનુષ્ય હંમેશા કોઈને કોઈ સમસ્યાઓથી ઘેરાયેલો હોય છે. આજે સાધુઓ કે બ્રહ્મચારીઓ કરતાં પણ વિશેષ ગૃહસ્થીઓ અનેક સમસ્યાઓથી ત્રસ્ત હોય છે. તેઓ જીવનમાં સમયે સમયે અનેક જગ્યાએ માનસિક તાણ અનુભવે છે. તે સુખ, શાંતિ, પ્રસન્નતા અને હળવાશ ઈચ્છે છે. રોગગ્રસ્ત વ્યક્તિને દવાની વિશેષ જરુર હોય છે. આથી વિશેષરુપે ગૃહસ્થીઓને યોગ તરફ વળવું અતિઆવશ્યક છે. કેવળ સાધુ-સંન્યાસી-બ્રહ્મચારીઓ માટે યોગ નથી, યોગ બધા માટે આવશ્યક છે. કયો વ્યક્તિ સુખી થવા ઈચ્છતો નથી? કયો વ્યક્તિ શારીરિક, માનસિક તેમજ સાંસારિક સુખની કામના કરતો નથી ? ટેન્શનથી મુકત થવું હોય તો યોગના શરણે અવશ્ય આવો. ઘણા ગૃહસ્થીઓ એ વાતથી ડરે છે કે અમે યોગ કરીશું તો સાધુ-બાવા બની જઈશું અને ગૃહસ્થ છૂટી જશે. આમ થાય તો પછી પત્ની, બાળકો અને સંપત્તિનું શું? આ પ્રકારની માન્યતા બિલકુલ મિથ્યા છે. ગૃહત્યાગ કરવાનું સાહસ કરવું કોઈ બચ્ચાનો ખેલ નથી. આ માટે કેટલી બધી યોગ્યતા કેળવવી પડે? કેટલી બધી તૈયારી કરવી પડે? ૧૫ દિવસ પણ ઘર બહાર અજાણ્યા સ્થળે રહેવું, જમવું, સૂવું, વિશ્વાસ સંપાદન કરવો, ભૂખ શમાવવી કેટલી બધું કઠિન કાર્ય છે? સારા ગૃહસ્થી બની, ગૃહસ્થધર્મનો પણ ત્યાગ કરવાનું બળ યોગ આપે છે. સાચું અને ઉત્તમ જીવન જીવવાની કળા યોગ આપે છે. યોગના શરણ વિના જીવનનું કલ્યાણ અસંભવ છે. હિંદુ, મુસ્લીમ, શીખ, ઈસાઈ કોઈપણ મત-સંપ્રદાય હોય, આ દેશનો કે અન્ય કોઈપણ દેશનો વ્યક્તિ, બધા યોગ કરી શકે છે અને તેનાથી મળતા લાભોથી લાભાન્વિત થઈ શકે છે. આ વિદ્યાની પ્રાપ્તિ માટે જેટલો વધુ પરિશ્રમ કરો તેટલું જ તેનું ઉચું ફળ મળે છે. સદાચારી જ યોગી બની શકે છે. દુરાચારી પણ આનો આશ્રય લઈ પોતાનામાં ચમત્કારિક સુધારો મેળવી શકે છે.



આધ્યાત્મિક લાભો પ્રાપ્ત કરી, તેનાથી પ્રભાવિત ન થઈ, અંતે પરમાત્મા સાથે એકાકાર થઈ જવાનું નામ યોગ છે. સ્વદ્દષ્ટા અને સર્વદ્દષ્ટામાં પ્રતિષ્ઠિત થઈ જવાનું નામ યોગ છે. ઘણા જીજ્ઞાસુઓ કહે છે કે પરમાત્માનું ધ્યાન કરવા બેસીએ ત્યારે જ મન ખૂબ ભાગે છે. મન એકાગ્ર થતું જ નથી. ઉત્તર ખૂબ સરળ છે. મનનો સ્વભાવ છે મનુષ્યને જેમાં રુચિ હોય તેમાં મન લાગી જાય છે.ખાવામાં, પીવામાં, સાંસારિક ભોગ ભોગવવામાં, નાચગાનમાં, રમવામાં, ક્રિકેટની વન-ડે મેચો જોવામાં જેટલો રસ છે તેટલો પરમાત્મા પ્રત્યે નથી. જો પરમાત્માનું સ્મરણ કરી, ચિંતન કરી, તેની મહાનતા જાણી રસ કેળવવામાં આવે તો તેમાં પણ મન લાગવું સહજ બને છે. બીજું એ પણ મનમસ્તિષ્કમાં એ નિશ્ચય કરી લેવો આવશ્યક છે કે મન એક જડ વસ્તુ છે. તેનામાં ચેતનતા છે જ નહિ. તે આપોઆપ કશે જઈ શકે જ નહિ. તેનું કામ તો એક ગાડી સમાન છે. ગાડીને જેમ વાળો, ચલાવો, રોકો તેમ તે ચાલશે, કાર્ય કરશે. આ જ પ્રમાણે મનને જાણી આપણી ઈચ્છા મુજબ ચલાવીએ તો ખૂબ લાભ આપશે. મનના ચાલક, નિયંત્રક આપણે જે છે.

# राजन्तमध्वराणां गोपामृतस्य दीदिविम्। वर्धमानं स्वे दमे।।

(ऋ.मं.१/सू.१/मं.८)

**पदार्थ :- १**

(**स्वे**) अपने (**दमे**) परमानन्द पद में कि जिसमें बड़े-बड़े दुःखों से छूटकर मोक्षसुख को प्राप्त हुए मुक्त पुरुष रमण करते हैं, (**वर्धमानम्**) ह्रासरहित (**राजन्तम्**) प्रकाशस्वरूप ईश्वर को तथा (**अध्वराणाम्**) यज्ञादि अच्छे-अच्छे कर्म और धार्मिक मनुष्यों तथा (**गोपाम्**) पृथिवी आदिकों की रक्षा करने वाले को (**ऋतस्य**) सत्यविद्यायुक्त चारों वेद और कार्य जगत् के अनादि कारण के (**दीदिविम्**) प्रकाश करने वाले परमेश्वर को हम लोग उपासना योग से प्राप्त होते हैं। (ऋ.दया.कृत ऋग्वे.भाष्य)

**पदार्थ :- २**

(**नमः**) अन्न को (**भरन्तः**) धारण करते हुए हम लोग (**धिया**) कर्म वा बुद्धि से (**अध्वराणाम्**) अग्निहोत्र से लेकर अश्वमेध पर्यन्त यज्ञों के व (**गोपाम्**) इन्द्रियों व पशु आदि के रक्षक ईश्वर को (**राजन्तम्**) प्रकाशमान व (**ऋतस्य**) अनादिस्वरूप सत्यकारण (**प्रकृति**) को व्यवहार के योग्य बनाने वाले {जगदीश्वर को} (**स्वे**) अपने (**दमे**) शान्तिदायक स्थान एवं अत्यन्त उत्कृष्ट प्राप्त करने के योग्य पद पर (**वर्धमानम्**) हानिरहित ईश्वर को {हम लोग} (**उपैमसि**) सदा प्राप्त करें। (ऋ.दया.कृत यजु.भाष्य अ.३/मं.२३)

**ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप**
**२२** संकलन : स्वामी ध्रुवदेवजी परिव्राजक
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**व्याख्यान :- १**

**'एमसि'** इस पद की अनुवृत्ति पिछले मन्त्र से आ रही है जिसका अर्थ है 'हम प्राप्त होते हैं'। (**अध्वराणां गोपाम्**) अध्वर जो अग्निष्टोम आदि यज्ञ और इन यज्ञों को करने वाले जो धर्मात्मा मनुष्य हैं, उनकी जो यथावत् रक्षा करने वाला है। तथा (**राजन्तम्**) सूर्य आदि जो लोक उनके बीच में और योगियों के आत्मा के बीच में, जो धारण करने वाले रूप से और अन्तर्यामी रूप से प्रकाशमान है। तथा (**ऋतस्य दीदिविम्**) सत्यविद्यास्वरूप जो चारों वेद हैं, उनका और मोक्ष का जो प्रकाश करने वाला है। (**वर्धमानं स्वे दमे**) स्वे = अपना जो, दमे = परमपद है, उसमें वर्धमानम् = सब सामर्थ्य से युक्त होके जो सदा विराजमान है, और जो मनुष्य मोक्ष को प्राप्त होते हैं, उनको उस अपने परमपद में, विज्ञान और आनन्दादि गुणों से जो सदा बढ़ाने वाला है, उस परमात्मा को मोक्षादि सुखों की प्राप्ति के लिये (**उपैमसि**) हम लोग सदा प्राप्त होते हैं। अर्थात् हे परमेश्वर ! सत्यप्रेमभक्ति से हम लोग आपको सदा प्राप्त रहें कि आप और आपकी आज्ञा से विरुद्ध हम लोग कभी न हों। जिससे हम लोगों को आपकी प्राप्ति से मोक्षादि सुख इसी जन्म में निश्चित प्राप्त हो।

(ऋ.दया.कृत ऋग्वेद भाष्य का नमूना अंक-२)

**भावार्थ - २**

परमेश्वर अनादिस्वरूप कारण (प्रकृति) से सब कार्य पदार्थों की रचना करता है, और भौतिक अग्नि, जल को प्राप्त करा कर सब व्यवहारों को साधता है, ऐसा समझें।

(ऋ.दया.कृत.यजु.भाष्य अ.३/मं.२३)

**टिप्पणी :-**

प्रस्तुत मन्त्र का तात्पर्य यह है कि मनुष्यों को ईश्वर की उपासना सतत करनी चाहिए। ईश्वर व उसकी आज्ञा से विमुख कदापि नहीं होना चाहिए।

**भावार्थ - १**

जैसे विनाश और अज्ञानादि दोष रहित परमात्मा अपने अन्तर्यामिरूप से सब जीवों को सत्य का उपदेश करता है तथा श्रेष्ठ विद्वान् (आप्तों) और सब जगत् की रक्षा करता हुआ अपनी सत्ता और परमानन्द में सदा विराजमान है, वैसे परमेश्वर के उपासक भी आनन्दित, वृद्धियुक्त होकर विज्ञान में विहार करते हुए परम आनन्द रूप विशेष फलों को प्राप्त होते हैं। (ऋ.दया.कृत ऋग्वेद भाष्य १/१/८)

(ક્રમશઃ)

# જે કાર્યને એકવાર દોષયુક્ત બતાવવામાં આવ્યું હોય તો તે ન કરવું જોઈએ

**સર્વથા સર્વદા સર્વભૂતાનામનભિદ્રોહઃ અહિંસા**

**સત્યોપદેશ**
ઉપદેશક - સ્વામી સત્યપતિજી
અનુ.- જયાબેન પોરિયા (યુકે) **૨૫**



૫૮. કોઈથી રાગ-દ્વેષ ત્યાં સુધી રહે છે જ્યાં સુધી તે (સામેવાળાના) શરીરથી સંબંધિત રહે છે. શરીર નાશવાન છે અને ઈશ્વર પ્રદત્ત સાધનનાં રૂપમાં ઈશ્વરની સંપત્તિ છે. મન,બુદ્ધિ આદિ પણ તે પ્રકારના સાધન છે. સામેવાળો પોતાના જેવો જ જીવ છે. પોતાનો કોઈ સીધો સંબંધ તેની સાથે છે જ નહીં, તો પછી શા માટે આટલો રાગ-દ્વેષ કરવો ?

૫૯. જે રાગ-દ્વેષ કરે છે તે શરીરને કારણે યા અન્ય વસ્તુઓને કારણે, જો કે તે બધી વસ્તુઓ ઈશ્વરની છે. અન્યની વસ્તુને કારણે ઝઘડા કરવા ઉચિત નથી પરંતુ દોષ છે.

૬૦. ચાહે જાણી જોઈને યા અજાણતા સામેવાળો જો આપણી સાથે સારું વર્તન ન રાખે તો તે તેનો દોષ છે. તે ઈશ્વરની આજ્ઞાનું પાલનન કરે તો ઈશ્વર સ્વયં ન્યાયાનુસાર તેને ફળ દેશે. આપણે તેમાં અટવાય જવાનું નથી. અટવાશું તો આપણો યોગાભ્યાસ અસફળ થઈ જશે. અને ઉલ્ટાનો આપણને દંડ મળશે.

૬૧. જ્યારે મનુષ્ય ઈશ્વર પરિધાણથી યુક્ત રહે છે અને મન, બુદ્ધિ વગેરે ઈશ્વરના માનીને ચાલે છે ત્યારે એ સાધનોને તે ઈશ્વરની સંપત્તિ માનીને ઈશ્વરની આજ્ઞા અનુસાર તેનો પ્રયોગ કરે છે. જેમ પોતાના શરીર આદિ પદાર્થોની રક્ષા કરે છે તેવી જ રીતે અન્યોના પદાર્થોની પણ રક્ષા કરે છે કારણ કે તે માને છે કે સર્વ પદાર્થ ઈશ્વરની સંપત્તિ છે. ઈશ્વર-પ્રદત્ત આ સાધનોનો જો હું દુરુપયોગ કરીશ તો તેનો ભયાનક દંડ મળશે - એવું વિચારીને મનુષ્ય જ્યારે માને છે કે મારૂં તો કંઈ છે જ નહીં, ત્યારે તેનું સર્વ મિથ્યા અભિમાન તૂટી જાય છે.

૬૨. ઈશ્વર આપણે માટે અત્યંત આવશ્યક છે કારણ કે તે વાયુ સમાન પ્રાણવત્ પ્રિય અને હૃદયની વાતો જાણનારા છે. હર ક્ષણ ઈશ્વર સર્વને જોઈ, સાંભળી અને જાણી રહ્યા છે, કારણ કે તે સર્વજ્ઞ છે. તેથી કોઈ સમસ્યાનું સમાધાન કાઢવું હોય તો ખૂબ શ્રદ્ધાથી ઈશ્વરની સ્તુતિ, પ્રાર્થના, ઉપાસના કરવી જોઈએ.

૬૩. જે મનુષ્ય પરિશ્રમપૂર્વક બીજાને સુખી કરવા માગે છે, દુઃખી નહીં તે હંમેશા આનંદિત રહે છે. બીજા લોકો તેની સાથે વ્યવહાર કરતી વખતે જ્યારે અંતિમ પરિણામને જુવે છે ત્યારે તેની સાથે ઉચિત વ્યવહાર કરે છે. તેથી મનુષ્યે સમસ્ત કાર્ય ધર્માનુસાર સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવા જોઈએ.

૬૪. જ્યારે મનુષ્યને એમ લાગે કે હું ઘણું થોડું જાણું છું, ત્યારે તે કંઈક શીખી શકે છે. બીજા પ્રકારના મનુષ્યની બુદ્ધિ એવી હોય છે કે તે માને છે કે -હું તે કાર્યને પૂરેપૂરું જાણું છું. પરંતુ જીવાત્મા અલ્પજ્ઞ, અલ્પશક્તિમાન હોવાથી કોઈ પણ સમયે ભૂલ કરી શકે છે, તેથી જે હરપલ આ પ્રકારે વિચારે છે તે ઉન્નતિ કરી શકે છે, અન્યથા જે અભિમાનથી માને છે કે હું જ્ઞાની છું, તે ખૂબ શીખવવા છતાં પણ શીખતો નથી.

૬૫. જ્યારે વ્યક્તિ ઘણું કરીને પોતાની બુદ્ધિ અને અનુભવના માપદંડથી બીજાને માપે છે ત્યારે તે ભૂલ કરે છે. જાણતા-અજાણતા, અભ્યાસ હોવાથી અથવા સારું માનવાને કારણે તે વ્યક્તિ અનુચિત નિર્ણય આપતો રહે છે. તે એ ભૂલી જાય છે કે ત્યાં યમ-નિયમનો ભંગ થઈ રહ્યો છે તેને ખબર નથી કે કેટલાંયે પરિક્ષણ પછી વ્યક્તિ સત્ય બોલી શકે છે.

૬૬. યોગ માર્ગ પર ચાલનાર માટે સૂક્ષ્મ અનુશાસનનો એક ભાગ એ છે કે જે કાર્યને એકવાર દોષયુક્ત બતાવવામાં આવ્યું હોય તો તે ન કરવું, તેમ જ સ્થૂળ અનુશાસન અનુસાર મનથી પાંચ પરિક્ષાઓ કર્યા વિના પણ કોઈ વાતને ન માનવી, ઉપરાંત વાણી અને શરીર આદિ સાધનોનો સદ્દુપયોગ કરવો, તેમ જ ઉપાસનામાં એક પણ વૃત્તિ ન ઉઠાવવી વગેરે. જે આ પ્રકારે સ્થૂળ તેમ જ સૂક્ષ્મ અનુશાસનમાં ચાલે છે તે આગળ યોગ-માર્ગ પર ચાલી શકે છે. તેથી આ માર્ગ પર ચાલવું તે તલવારની ધાર પર ચાલવા જેવું ઉપનિષદમાં દર્શાવ્યું છે.

૬૭. મનુષ્યે પોતાના જીવનમાં એવા સિદ્ધાંત નિશ્ચિત કરી લેવા જોઈએ કે તે સિદ્ધાંતો પર જ હું ચાલીશ, તેનાથી વિપરિત અહીં તહીં નહીં. પોતાનું જ અનુશાસન પોતાના ઉપર રાખવું તે જ યોગની ઉત્તમ વ્યવસ્થા છે. (ક્રમશઃ)

# પોતાના કાર્યક્રમમાં શુદ્ધિનું અભિયાન હાથમાં લઈ જાતીને લૂંટનારાઓ સામે આર્યસમાજ એક અભેદ કિલ્લો બની ઉભો રહ્યો




**શુદ્ધિ**

હિંદુ જાતિની અધોગતિ મહાભારતના યુદ્ધ પછી થતી આવી છે. પારકાને પણ આર્ય બનાવી લેવાની ક્ષમતા ભારતના ગુપ્તકાલીન સામ્રાજ્ય સુધી જળવાઈ રહી. આથી જ તો શક, હૂણ વગેરે જે કોઈ બહારથી અહીં આવ્યા, એ બાધા આર્યજાતિના અંગ બની ગયા. પરંતુ સમય જતાં પારકાને પોતાનામાં સમાવી લેવાની આ ક્ષમતા ક્ષીણ થઈ ગઈ અને એવું એવું કહેવામાં આવ્યું કે, ગધેડી કદી ગાય બની શકતી નથી અર્થાત્ કોઈ વિધર્મી કદી હિંદુ બની શકે નહીં.

મુસલમાનોએ આ યુક્તિનો ખૂબ જ લાભ ઉઠાવ્યો, જેના પરિણામે ગધેડી ગાય કદી બની ન શકે એવું માનનારાં ભેજાંઓએ પોતાની નરી આંખે અનેક ગાયોને ગધેડીઓ બનતી જોઈ. એટલું જ નહિ, બલ્કે અનેક નિરપરાધ સીધાસાદા આર્યોનાં સંતાનોને કે જેમને ગાય જેવાં સરળ કહી શકાય છે, એ ગાયોનાં અનાથ બાળકો અને અબળા વિધવાઓને બળજબરીપૂર્વક પોતાના ધર્મમાંથી પૃથક્ થતાં જોયાં. હિંદુ જાતિના અંગો ધીમે ધીમે કપાતાં રહ્યાં. મુસલમાનોની જેમ ખ્રિસ્તીઓએ પણ આ જાતિના અસ્તિત્વને ખૂબ જ લૂંટ્યું છે. હિંદુ જાતિમાંથી બહાર નીકળવાનાં સેંકડો દ્વાર હતાં, પરંતુ તેની અંદર પેસવા માટેનું એક પણ બારણું ન હતું. આવી પરિસ્થિતિમાં આર્યસમાજે પોતાના કાર્યક્રમમાં શુદ્ધિનું અભિયાન હાથમાં લીધું. જાતિને લૂંટનારાઓ સામે આર્યસમાજ એક અભેદ કિલ્લો બનીને ઊભો રહ્યો. હિંદુ જાતિમાંથી બહાર નીકળવાના અનેક રસ્તાઓ બંધ થઈ ગયા. ઉપરાંત તેણે સમ્માનપૂર્વક હિંદુ જાતિમાં પાછા આવવાના દરવાજા ખોલી નાખ્યા. એ આનંદની વાત છે કે પ્રત્યેક વિચારશીલ વ્યક્તિએ આર્યસમાજના આ અભિયાનને સમર્થન આપ્યું છે.

**અંત્યેષ્ટિ**

આર્યસમાજની દૃષ્ટિએ અંત્યેષ્ટિ એ મનુષ્યના જીવનનો આખરી સંસ્કાર છે. તેને 'નરમેધ' અથવા 'પુરુષમેધ' પણ કહેવામાં આવે છે. આના પછી મૃતક વ્યક્તિ માટે બીજો કોઈ સંસ્કાર બાકી રહેતો નથી. મૃતકના શરીરને વ્યવસ્થિત રીતે નવડાવી, સ્વચ્છ કપડામાં લપેટી, સ્મશાનમાં લઈ જઈ, પુષ્કળ ઘી અને હવન-સામગ્રી નાખી, વેદમંત્રોના ઉચ્ચારણ સાથે સળગાવી દેવું એ જ તેનો અંતિમ સંસ્કાર છે. આ મૃતક શરીર ચાહે નાના બાળકનું હોય કે સંન્યાસીનું હોય, બધાંનો અંતિમ સંસ્કાર આ પ્રમાણે જ થવો ઉચિત છે. શબને જમીનમાં દફનાવી દેવું કે નદીના પ્રવાહમાં વહેતું મૂકી દેવું એ દૂષિત કાર્ય છે. એનાથી હવા, પાણી, પૃથ્વી - બધું જ મલિન થાય છે. પરંતુ જો અગ્નિમાં ઘી કે સામગ્રી નાખી શબને સળગાવવામાં આવે તો વિશેષ દુર્ગંધ થતી નથી, અને જો ઘી કે સામગ્રી ઉપલબ્ધ થઈ શકે એવી સ્થિતિ ન હોય તોપણ દફનાવવા અને નદીમાં વહેતું મૂકવા કરતાં અગ્નિદાહ આપવો એ જ ઉત્તમ વિધિ છે.

મૃતકના ઘરને સાફ કરી ત્યાં હવન કરવો જોઈએ. જેથી ત્યાંનો અશુદ્ધ વાયુ અને વાતાવરણ શુદ્ધ થઈ જાય છે. મૃતકનાં અસ્થિને સ્મશાનમાંથી એકઠાં કરી કોઈ ખેતર જેવા સ્થાનમાં વિસર્જિત કરી દેવાં જોઈએ. આ અસ્થિને લઈ ગંગા જેવી નદીઓમાં પધરાવવા માટે ત્યાં સુધી જવું એ શ્રમ અને ધનનો દુર્વ્યય જ છે. આમ કરવાથી તો ગંગાનું પાણી પણ અસ્થિને લીધે દૂષિત થતું જાય છે.

મૃતકના નામ પર દશગાત્ર તથા વૈતરણી નદી પાર કરવા માટે દાન આપવાની પ્રથા વગેરેને આર્યસમાજ માનતો નથી. મૃત્યુ પછી મૃતક માટે કરવામાં આવતું એક પણ કર્મ મૃત આત્મા સુધી પહોંચી શકતું નથી. સ્મશાનમાં ઘી અને હવન-સામગ્રીની આહુતિઓ આપતી વેળા જે વેદમંત્રો બોલવામાં આવે છે, એનો આશય પણ એટલો જ છે કે, આપણે સૌ ઈશ્વરની વ્યવસ્થાનો સ્વીકાર કરીએ છીએ, અને પ્રાર્થના કરીએ છીએ કે, જો દિવંગત આત્મા મોક્ષનો અધિકારી ન હોય, તોપણ તેનો આગલો જન્મ સારા વાતાવરણમાં થાય.

**આર્યસમાજની માન્યતાઓ**
લેખક : ગજાનંદ આર્ય **૨૨** અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ

મૃતકનાં સારાં કાર્યો અને ઉત્તમ પરંપરાનું અનુશીલન કરવું એ મૃતકના પરિવારનું કર્તવ્ય છે. જો પરિવાર સંપન્ન હોય તો આ પ્રસંગે વેદપ્રચાર, અનાથપાલન આદિ સેવાકાર્યોમાં સહાયક થવું જોઈએ.

**આર્યસમાજીને નહિ, આર્યસમાજને સમજો**

આજકાલના આર્યસમાજીઓનું વર્ગીકરણ આ પ્રમાણે થઈ શકે છે :

● **નિર્ગુણ આર્યસમાજી :** જે આર્યસમાજીમાં ફક્ત ખંડનાત્મક પ્રવૃત્તિ જ જોવા મળતી હોય અર્થાત્ જે હંમેશાં મૂર્તિપૂજા, શ્રાદ્ધ-તર્પણ, કાશી વગેરે તીર્થો, અપશુકન વગેરે અંધવિશ્વાસોનું ખંડન જ કરે છે, પરંતુ જેના જીવનમાં મંડનાત્મક પક્ષનો અભાવ છે, તેને 'નિર્ગુણ આર્યસમાજી' કહી શકાય. પોતાના જીવનમાં સાધનાનો અભાવ હોવાથી આવા લોકો સમાજમાં શ્રદ્ધાપાત્ર બની શકતા નથી.

● **સગુણ આર્યસમાજી :** જે આર્યસમાજી વિધેયાત્મક કાર્યોમાં જ રૂચિ ધરાવે છે, પરંતુ કોઈનું ખંડન કરતા નથી, પોતાનું જીવન યજ્ઞમય બનાવીને રહે છે, કર્મકાંડ અને સંસ્કારો વગેરે ખૂબ જ શ્રદ્ધાપૂર્વક કરે છે, તેઓને 'સગુણ આર્યસમાજી' કહી શકાય. આ પ્રકારના આર્યસમાજીઓ લોકોમાં શ્રદ્ધાપાત્ર તો બની શકે છે, પરંતુ સમાજસેવાના અભાવને કારણે આર્યસમાજનો વિસ્તાર કરી શકતા નથી. આથી તેમનું કાર્યક્ષેત્ર વિસ્તૃત થઈ શકતું નથી અને તેઓ જનહિતમાં વિશેષ યોગદાન પ્રદાન કરી શકતા નથી.

● **સગુણ-નિર્ગુણ આર્યસમાજી :** જે આર્યસમાજી પોતાનાં કર્તવ્યોનું યથાયોગ્ય પાલન કરે છે અને સાથે સાથે બીજા લોકોને પણ ઠીક રસ્તો બતાવવા પ્રયત્નશીલ રહે છે, તેને 'સગુણ-નિર્ગુણ આર્યસમાજી' કહી શકાય. આવા આર્યોનું જીવન રચનાત્મક અને સાધનામય હોય છે. સાથે સાથે નિષેધાત્મક કાર્યોનો પ્રીતિપૂર્વક વિરોધ અને અજ્ઞાનનો નાશ કરીને સમાજસેવા પણ કરતા હોય તેવા આર્યસમાજીઓ જ આર્યસમાજના ખરા પ્રચારકો છે.

આર્યસમાજને જાણવા માટે સ્વાધ્યાય અથવા ઉત્તમ ગ્રંથોનું અધ્યયન ખૂબ જ જરૂરી છે. ત્યારે જ આર્યસમાજને તેના વાસ્તવિક સ્વરૂપમાં ઓળખી શકાય છે. જો કોઈ વ્યક્તિ આર્યસમાજને વાર્ષિક ફી માત્ર જ આપીને પોતાને 'આર્ય' ઘોષિત કરે તો એમ કરવાથી તો અનેક પ્રકારની ભ્રાંતિઓ અકારણ જ ઊભી થવાની. વ્યક્તિમાં રહેલા ગુણો પરથી જ તેનું આર્યત્વ જાણી શકાય છે.

ક્યારેક એવું સાંભળવા મળે છે કે, 'અમુક આર્યસમાજી આવું કરે છે, આવું બોલે છે વગેરે. શું આવો જ આર્યસમાજ છે ?' આવાં ઉદાહરણોથી લોકોમાં મોટી ભ્રમણા ઊભી થાય છે. આર્યસમાજ એક કર્મપ્રધાન, ગુણાનુશંસી સંસ્થાનું નામ છે. માટે ફક્ત પોતાની જાતને આર્યસમાજી કહેવડાવવાથી કે આર્યસમાજની કેટલીક વાતોને માની લીવાથી કોઈ વ્યક્તિ આર્યસમાજના આદેશોનો પ્રવક્તા બની શકતી નથી. અલબત્ત કોઈ સિદ્ધાંત આર્યસમાજને માનવાવાળાને આર્યસમાજી કહેવડાવવાથી રોકી પણ શકતો નથી. આર્યસમાજનો ઉદ્દેશ્ય એ છે કે વૈદિક ધર્મની માન્યતાઓ અને સિદ્ધાંતો તમામ દેશદેશાંતરોમાં અને મત-સંપ્રદાયોમાં ફેલાઈ જાય. ભલે પછી તેઓ પોતાને આર્યસમાજી ન પણ કહેવડાવે.

આજે આર્યસમાજના લેબલથી લોકોને ક્યારેક ઠગવામાં પણ આવે છે. ઘણા સાચા આર્યસમાજીઓ આદરથી વંચિત રહે છે. આ બધું એવું જ છે જેવું આજના સંન્યાસીઓમાં જોવા મળે છે. ક્યાંક ધૂર્ત સંન્યાસીઓ મોજ કરી રહ્યા છે, તો ક્યાંક સાચા સંન્યાસીઓ અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. માટે સાચા આર્યસમાજીની ઓળખ તેના જીવનમાં જોવા મળતી મન-વચન-કર્મની એકરૂપતા પરથી જ થઈ શકે છે.

(ક્રમશઃ)

**अग्निपथ**
ओ३म् — अस्माकं वीरा उत्तरे भवन्तु

⇨ સાંપ્રત ઘટનાઓનું આદર્શ દૃષ્ટિકોણથી વિવેચન.
⇨ વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
⇨ વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
⇨ બાળકો માટે ઉપદેશ કથા.
⇨ સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
⇨ વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
⇨ ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
⇨ રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**


: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

ગુજરાતભરની તમામ આર્યસમાજો તથા વૈદિક પ્રચાર સાથે સંલગ્ન સંસ્થાઓને પોતાના સાપ્તાહિક સત્સંગ સહિતના તમામ સમાચારોને ફોટોગ્રાફ્સ સાથે મોકલી આપવા વિનંતી છે. આપ ઈ-મેઈલના માધ્યમથી પણ સમાચાર મોકલી શકો છો.

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧.
ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

# શ્રી સ્વામી વિવેકાનન્દજીનો ફેબ્રુઆરી ૨૦૧૪નો પ્રચાર કાર્યક્રમ



શ્રી સ્વામી વિવેકાનન્દજી પરિવ્રાજક ફેબ્રુઆરી માસમાં ૩ **થી ૬** તારીખ સુધી દર્શન યોગ મહાવિદ્યાલયમાં રહેશે અને અધ્યાપન કાર્ય કરશે.

**તા.૧- યોગદર્શન પાઠ,** વૈદિક સંસ્થાન, ઓઢવ, અમદાવાદ, સમય : સવારે ૧૦-૩૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી, સંપર્ક નંબર- ૮૧૪૧૧-૨૬૬૨૦, ૦૭૯-૨૨૯૭૨૩૪૦

**તા.૧- સાંખ્યદર્શનની કક્ષા,** સ્થળ-૧૬૫૨/૧, સેક્ટર-૨ ડી ગાંધીનગર, સમય : રાત્રે- ૮-૩૦ થી ૧૦.૦૦ વાગ્યા સુધી, સંપર્ક- શ્રી અવધેશ પાંડે, મોબાઈલ નંબર-૯૮૯૮૦૮૭૮૯૮

**તા.૨- સાંખ્યદર્શનની કક્ષા,** આર્યસમાજ, સેક્ટર ૨૪, ગાંધીનગર, સમય : સવારે- ૯-૦૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી, સંપર્ક- શ્રી અવધેશ પાંડે, મોબાઈલ નંબર-૯૮૯૮૦૮૭૮૯૮

**તા.૨- વેદપ્રવચન,** સ્થળ-પ્લોટ નં : ૧૫, શ્રીરંગ સોસાયટી,દેવભૂમીની પાસે, હડમતીયા, ગાંધીનગર, સમય : સાંજે- ૫-૦૦ થી ૦૬.૦૦ વાગ્યા સુધી, સંપર્ક- શ્રી એસ.સી. શુકલા, મોબાઈલ નંબર-૦૮૭૫૮૦૮૨૪૨૪

**તા.૭-૮- મનુસ્મૃતિ કક્ષા,** સ્થળ: ૧૨૪, રામેશ્વર પાર્ક, ગૌરી સીનેમા પાસે, ઓઢવ, અમદાવાદ, સમયઃ સાંજે- ૬-૦૦ થી ૭-૧૫ સુધી સંપર્ક શ્રી રાજકુમારજી, મો.૯૪૨૬૩૩૮૬૦૯

**તા.૭- પ્રવચન,** સ્થળ: ૯૩, રામેશ્વર પાર્ક સોસાયટી, આવકાર હોલ પાસે, મણિનગર, અમદાવાદ, ગુજરાત. સમયઃ રાત્રે- ૯-૦૦ થી ૧૦-વાગ્યા સુધી સંપર્ક શ્રી હેમંત અડવાણી, મો.૯૮૨૮૦૪૦૫૦૭.

**તા.૮- પ્રવચન તથા શંકા સમાધાન,** સ્થળ: કોમન પ્લોટ રામેશ્વર પાર્ક, ઓઢવ, અમદાવાદ, સમયઃ સાંજે- ૯-૦૦ થી ૧૦-૦૦ સુધી સંપર્ક શ્રી રાજકુમારજી, મો.૯૪૨૬૩૩૮૬૦૯

**તા.૯- વેદ પ્રવચન.** સ્થળ : મહારાજા અગ્રસેન વિદ્યાલય, મેમનગર, થલતેજ, અમદાવાદ. સમયઃ સવારે ૮-૦૦ વાગ્યા થી ૯-૦૦ વાગ્યા સુધી, સંપર્ક : શ્રી રાજુ પટેલ મો.૦૯૯૨૪૪૭૫૬૦૩

**તા.૯- વેદ પ્રવચન.** સ્થળ : આર્યસમાજ અંબાલાલ કોમ્પ્લેક્ષ, સોમેશ્વર પાર્ક-૩ સામે, સન એન્ડ સ્ટેપ ક્લબ પાસે, થલતેજ, અમદાવાદ. સમયઃ સવારે ૯-૩૦ થી ૧૦.૧૫ સુધી. સંપર્ક : શ્રી ગોવિંદરામજી, મો. ૯૮૨૭૬૨૮૩૦૮.

**તા.૯- પ્રવચન.** સ્થળ : આર્યસમાજ, કાંકરિયા રોડ, અમદાવાદ. સમયઃ સવારે ૧૧-૦૦ થી ૧૨.૦૦ સુધી. સંપર્ક : ૦૭૯-૨૫૪૫૪૩૭૩.

**તા.૯- પ્રવચન.** સ્થળ : વસ્ત્રાલ, અમદાવાદ, ગુજરાત. સમયઃ રાત્રી ૮-૩૦ થી ૧૦.૦૦ સુધી. સંપર્ક : શ્રીમતી વૈશાલીબેન વસિષ્ઠ મો. ૯૨૨૮૭૯૮૯૬૭

તા.૧૦ - યાત્રા **અમદાવાદથી દિલ્લી, ચોટીપુરા, જી. મુરાદાબાદ, ઉત્તરપ્રદેશ**

**૧૧ ફેબ્રુઆરી થી ૧ માર્ચ ૨૦૧૪ સુધી ન્યાયદર્શન સહિત પાંચેય દર્શનશાસ્ત્રોનું અધ્યાપન ( માત્ર ગુરુકુલની વિદ્યાર્થીનીઓ માટે જ ) ગુરુકુલ ચોટીપુરા, ઉત્તર પ્રદેશ સંપર્ક : આચાર્ય સુકામાજી મો. - ૦૯૪૧૨૩ ૨૨૨૫૮**

**નોંધ - આવશ્યકતા અનુસાર કાર્યક્રમમાં ફેરફાર થઈ શકે છે. કાર્યક્રમની વધુ માહિતી માટે વ્યવસ્થાપક બ્ર. દિનેશજીનો સંપર્ક કરવા વિનંતી છે. ફોન : ૦૨૭૭૦-૨૮૭૪૧૮,૨૮૭૫૧૮.**



## ચંદ્રેશ ચિંતન

**- ચંદ્રેશ આર્ય,** ગાંધીધામ

### પાપને પછાડવા પદયાત્રા, પુણ્યને પામવા પદયાત્રા, પરમેશ્વરને પામવા પદયાત્રા, ભગવાનને પાણીમાં પધરાવવા પદયાત્રા

અધિકારીએ કર્મચારીના ઘરે ફોન કર્યો. રજા પુર્ણ થઈ છતાં ભાઈ કેમ ઓફીસે આવ્યા નથી ? અગત્યનું કામ છે. સામેથી પત્નિનો જવાબ હતો તેઓ પગે ચાલીને.. દર્શન કરવા ગયા હતા. બહુ થાકી ગયા છે. અને પગમાં ફોલ્લા પડી ગયા છે. હજુ બે-ત્રણ દિવસ ઓફિસે આવી શકે તેમ નથી. બીજી વધારાની રજા મૂક્યા વગર તે કર્મચારી છ-છ દિવસ બાદ ઓફીસમાં આવ્યા અને ઓફીસમાં સહુને ભગવાનના મંદિરનો પ્રસાદ આપી પદયાત્રાનું વર્ણન કરવા લાગ્યા. સર્વે અધિકારીઓ-કર્મચારીઓ પ્રસાદ આરોગી ધન્યતાનો અનુભવ કરતાં બોલ્યા, વાહ કેવું પડે ! તમે આ ઉંમરે પણ પગપાળા યાત્રા કરી આવ્યા. આજ શ્રદ્ધાની શક્તિ કહેવાય.

બીજા એક વાસણની મોટી દુકાન ચલાવનાર વ્યાપારી પદયાત્રીઓની સેવા માટે કેમ્પો ખોલી સગવડ આપે પણ આખું વર્ષ ગ્રાહકોની કમર ભાંગી જાય ત્યાં સુધી ભ્રમમાં ભડકાવતા જ રહે.

એક રીક્ષા ચલાવનાર ભાઈ પદયાત્રીઓની સેવા માટે પાંચ-સાત દિવસ મફતમાં રીક્ષા ચલાવી સેવા આપે છે પણ ચાલુ દિવસોમાં કોઈ ગરીબ/લાચાર વૃદ્ધ કે અશક્ત ને હોસ્પીટલ પહોંચાડવા માટે એક રૂપિયો પણ ઓછો લેતાં નથી.

આવી પદયાત્રા કરનાર લોકો અને તેમની સેવામાં સમય શક્તિ અને સંપત્તિનો વ્યવ કરતાં લોકો પાસે ક્યારે ભૂલથી પણ કોઈ વ્યક્તિના નિર્માણ માટે, કોઈ પરિવારના પાલન માટે, કે કોઈ વિદ્યાર્થીના અધ્યયન માટે, કે કોઈ સામાજીક ઉત્થાનના કાર્યો માટે માંગણી કરજો તો ખ્યાલ આવશે તે સમયે તેમની શક્તિ, સમય અને સંપત્તિ સંકોચાતી દેખાશે. પદયાત્રા કરી ન પરમેશ્વર મળ્યો, ન સામાજીક શક્તિનો ઉદ્ભવ થયો.અને સરવાળે સમય તો એમ જ વેડફાઈ ગયો. અમુક વખત પૈસાનું પ્રદર્શન કરવા માટે પણ પદયાત્રાઓનું પાગલપણું જોવા મળે છે. શોભાયાત્રાના નામે રસ્તાઓ ઉપર અશોભનીય દ્રશ્યો જોવા મળે છે. આવી અવિવેકી યાત્રાઓ દ્વારા રોજીંદુ જીવન જીવતા લોકો માટે તે યાતના સાબિત થાય છે. આવી પદયાત્રાઓને કારણે રોજીંદુ કામ કરી રોજગારી મેળવતા લોકો પદયાત્રાના દિવસે રીજગારીથી વંચિત રહી જાય છે, ત્યારે તેમની જીવનયાત્રામાં કેટલા અવરોધો ઉત્પન્ન થાય છે.

આજે દેશમાં કરોડો (અ)શ્રદ્ધાળુઓ ધાર્મિક ભાવનાના નામે વિભિન્ન પ્રકારે હજારો પદયાત્રાઓનું આયોજન કરી દર વર્ષે કરોડો માનવ-રોજગારના દિનને વેડફી રાષ્ટ્રને કેટલું નુકશાન કરે છે તે અર્થશાસ્ત્રીઓ માટે એક સંશોધનનો વિષય છે. વિકાસની વાતો કરનારા રાજકારણીઓ સ્વયં પોતે આ વાતને વોટની મતબેન્ક સમજી વેડફી નાંખે છે. કારણ કે તેઓ સ્વયં આવી પદયાત્રાઓના પાલક અને પોસનાર હોય છે. કરોડો માનવોના પુરુષાર્થ અને પરિશ્રમને જો સાચી દિશામાં અૃથોઉપાર્જ માટે લગાડવામાં આવે તો દેશ એક આર્થિક શક્તિ સંપન્ન દેશ તરીકે સમગ્ર વિશ્વમાં ઉભો થઈ શકે છે. આ જ પરિશ્રમ અને પુરુષાર્થને સામાજીક કાર્યોમાં લગાડવામાં આવે તો વિશ્વનો એક શ્રેષ્ઠ સમાજ ઉભો થાય. અને આ જ પુરુષાર્થ અને પરિશ્રમને સંસ્કૃતિ, સભ્યતા અને સંસ્કાર માટે ખર્ચ કરવામાં આવે તો એક ચારિત્રવાન માનવ નિર્માણ દ્વારા વિશ્વમાં સુખનું સામ્રાજ્ય ઉભું થાય છે. પણ દૂર્ભાગ્ય એ છે કે આવા વિશ્વમાં સુખના સામ્રાજયનું શિક્ષણ અને સમજ આપે કોણ ? પોતાની જાતે બની બેઠેલા ધર્મગુરુઓ પોતે સ્વયં એષણાંઓના અંબર પર બિરાજમાન છે અને પોતાના વાડાઓમાં વ્યક્તિઓના વધારા કરવામાં જ જીંદગી આખી વેડફી નાંખે છે. આપણાં ભારતીય સમાજની માનસિકતા એવી છે કે આપણે શ્રેષ્ઠતાનું માપદંડ ટોળા-શાહીથી નક્કી કરીએ છીએ. આટલા માણસો આવતા હોય કે, આટલા વ્યક્તિઓ માનતા હોય તે કંઈ ખોટું થોડું હોય ? વ્યક્તિઓની સંખ્યાથી સફળતા અને સત્યતાના માપદંડો નક્કી કરનાર સમાજ વાસ્તવિકતાથી ઘણા દૂર થતો જાય છે. વૈજ્ઞાનિક પોતાની વાતો વધુ લોકો માનતા હોય તેનાથી નક્કી નથી કરતો. ઋષિઓ પોતાનું આધ્યાત્મિક સંશોધન સમાજના પ્રચલિત પ્રણાલીઓથી નક્કી કરતા નથી. ભ્રષ્ટાચારથી ભેગું કરેલું ઘન ભગવાનના મંદિર માટે વાપરવાથી કોઈ ભક્ત બની જતો નથી. સાચો, સારો અને શ્રેષ્ઠ વ્યક્તિ તો એ કહેવાય જે ભગવાનની ભાવના(આજ્ઞા) અનુસાર પોતાનું જીવન જીવી જાય. પરંતુ પદયાત્રાના પાગલપન થી પલ્લવીત (ઉત્પન્ન) થતાં ભકતો ભારતનું ભલું કરી શકે તેમ છે ? વર્તમાનમાં આજે દેશની અંદર સેંકડો સળગતી સમસ્યાઓથી માનવ-સમાજ સળગી રહ્યો છે ત્યારે આવી વિકટ સમસ્યાઓના પરિણામ લક્ષી નિરાકરણ માટે વધુ પ્રયત્નશીલ પદયાત્રાઓ આવશ્યક છે. માનવ-માનવ વચ્ચે રાગ-દ્વેષ મુક્ત અહિંસાનો આવાજ બુલંદ કરતી પદયાત્રા, સત્યના અર્થોનું પ્રકાશ કરતી 'સત્યાર્થ પ્રકાશ' પદયાત્રા, માનવોને માનવીય ગુણોથી ગતિશીલ કરતી પદયાત્રાઓનું આયોજન સમાજ માટે આવકારદાયક છે. માનવ-માનવ વચ્ચે પરસ્પર પ્રેમયુક્ત વ્યહારની પદયાત્રા, પ્રાણીમાત્રના કલ્યાણ માટે પરોપકારી પદયાત્રા, જળવાયુના પર્યાવરણની શુદ્ધ રાખવાની પદયાત્રા, સમાજના સામાજીક વાતાવરણને શુદ્ધ રાખવાની પરસ્પર સમજુતિ અને સમજણની પદયાત્રાઓ થવી જોઈએ. આર્યસમાજના અખંડ અભિગમને ઉજાગર કરવાની પદયાત્રા, વૈદિક ઋષિઓની વાતોને વિસ્તાર કરવાની પદયાત્રા, મહર્ષિ દયાનંદ સરસ્વતીના મીશનને માનવ-માનવ સુધી પહોંચાડવાની પદયાત્રાઓ પરિવાર, સમાજ, દેશ અને વિશ્વ માટે આવકારદાયક છે. કારણ કે, આવી સાર્થક પદયાત્રીઓ દ્વારા જ પરસ્પર સુખ-દુઃખ, લાભ-હાનિનું સાચું વૈદિક શિક્ષણ અને સમજણ સમાજમા ઉત્પન્ન થશે. અને સાચા વૈદિક સમાજની રચના થશે.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com